ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### કેજરીવાલનાં કેસરીયાં કે 'હિટ એન્ડ રન'?

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામી ચૂંટણીએ હવે કેન્દ્ર સરકાર સામે રીતસરનાં કેસરીયાં કરવાના મૂડમાં લાગે છે. દિલ્હીના પાયાના પ્રશ્નો અને પૂર્વોત્તરના વિદ્યાર્થીઓની ચાલુ રહેલી મારઝૂડ જેવા સ્થાનિક મુદ્દાઓ ઉપરાંત જનલોકપાલના મુખ્ય મુદ્દાથીય ચીલો ચાતરીને કેજરીવાલે ગૅસના ભાવોમાં આઘાપાછી કરવા બાબતે ચાર વ્યક્તિઓની રિલાયંસ સામેની ફરિયાદના પગલે કેન્દ્રીય મંત્રીઓ અને રિલાયંસના વડા મુકેશ અંબાણી સામે કેસ કરવાના આદેશ આપીને ભૂકંપ સરજી દીધો છે. મુકેશ અંબાણીનું કહેવાતું નિવેદન કે 'કોંગ્રેસ તો અમારી દુકાન છે'- એમની જ સામે બૂમરેંગ થઈ રહ્યું છે. ચૂંટણીઓ આવતાંની સાથે ચૂંટણી ભંડોળ એકઠું કરવા માટેની વ્યાપક ઝુંબેશ શરૂ થી જતી હોય છે. ઉદ્યોગપતિઓ અને મોટા બિઝનેસમેનો સામે ચાલીને રાજકીય પક્ષોની ઝોળીઓ છલકાવી દેતા હોય છે. એમને ખાતરી હોય છે કે અત્યારે આપેલો ફાળો પોતાને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ફળવાનો છે. કેજરીવાલ રાજકારણમાં ચાલતા ભ્રષ્ટાચાર વિરુદ્ધ અણ્ણા હજારે જેવા લોકનેતાએ ઉપાડેલી ચળવળનું ફરજંદ છે. તેઓ 'ઍકશન'ના માણસ છે, એટલે તાબડતોબ પગલાં ભરવામાં માને છે. જો કે કેજરીવાલના રાજકારણની એક ખાસિયત એ છે કે તેઓ આક્ષેપોનો મારો ચલાવીને એમના મતદારોનું ધ્યાન બીજી દિશામાં વાળી દે છે, પરંતુ એ અંગે જરૂરી કાર્યવાહી કરવાનું માંડી વાળે છે. એથી થનારા નુકસાનનો પણ એ ડર રાખતા નથી. શીલા દીક્ષિત દિલ્હીનાં ત્રણ-ત્રણ સત્રથી મુખ્યમંત્રી હતાં. કેજરીવાલે સીધી એમની જ સામે બાથ ભીડી, એટલું નહીં, એમણે શીલા દીક્ષિતને હરાવી દઈને પાછી એમની જ કોંગ્રેસ પાર્ટીના ટેકાથી સરકાર બનાવી ત્યારે પણ એ સામેથી ટેકો માગવા નહોતા ગયા. ભાજપને સત્તાથી દૂર રાખવાના વ્યૂહાત્મક અભિગમથી કોંગ્રેસે અપમાનજનક વહેવાર વહોરીને કેજરીવાલને સરકાર રચવાની અનુકૂળતા કરી આપી હતી. કેજરીવાલ પાસે ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરવાની અપેક્ષા રાખતા એમના મતદારો અને એમની પાર્ટી કરતાં વધુ બેઠકો જીતવા છતાં સત્તા પર નહીં આવી શકેલી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ બીજા જ દિવસથી ઉઘરાણી કરવા લાગ્યા હતા કે શીલા દીક્ષિતને જેલમાં કયારે મોકલી આપો છો? એક તરફ મફત પાણી અને અડધા દરે વીજળી આપવાનાં વચનો પૂરાં કરવાનાં હતાં, કૉન્ટ્રાકટ પર રાખેલા શિક્ષકો અને પરિવહન કર્મચારીઓને કાયમી કરવાનું વચન પાળવાનું હતું- જે એમની માગણીઓના મુદ્દે ધરણાં પર બેસી ગયા હતા અથવા હડતાલ પર ઊતરી ગયા હતા... એક સાથે અનેક પડકારોથી ઘેરાયેલા કેજરીવાલ હુકમના એક્કા જેવું જનલોકપાલ બિલ ઉતાવળે પસાર કરાવવા અધીરા બની રહ્યા હતા અને એમાં જે કાનૂની ગૂંચો આવતી હતી એ ઉકેલવા દિલ્હીના ઉપરાજયપાલના સહયોગથી અપેક્ષા રાખી રહ્યા હતા. જે એમને કયારેય સાંપડવાનો નથી. એમની સરકારને કોંગ્રેસ કોઈ પણ સમયે ગબડાવી શકે એવા સંજોગો છે. આ બધા ગૂંચવાડામાં કેજરીવાલ એવા તો ફસાઈ ગયા હતા કે છેવટે જનલોકપાલ બિલના મુદ્દે રાજીનામું ધરી દઈ એ દેશ આખામાં કોંગ્રેસ અને ભાજપ- બેઉની વિરુદ્ધ વાવાઝોડું સર્જવા કૃતસંકલ્પ હતા. ઉપરાજયપાલે એમને બંધારણીય માર્ગે આગળ વધવાની સલાહ આપી છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પણ આડકતરી રીતે એ જ વાત કરી છે. તદુપરાંત કાચા સૂતરના તાંતણા જેવી એમની લઘુમતી સરકારને એક પછી એક ઝાટકા વાગતા જ રહ્યા છે. એમના જ એક વરિષ્ઠ સાથી અને 'આપ'ના ધારાસભ્ય વિનોદ કુમાર બિન્નીએ એમની સાથે છેડો ફાડી એમની સામે મોરચો માંડેલો છે. અપક્ષ ધારાસભ્ય રામવીર 'શૌકીન' પણ આડા ફાટ્યા છે. એમણે ટેકો પાછો ખેંચતો પત્ર ઉપરાજયપાલને સોંપી દીધો છે. જદ(યુ)ના એર માત્ર ધારાસભ્ય ઘડીકમાં ટેકો ખેંચી લેવાની વાત કરે છે અને બીજી જ ક્ષણે અસંતોષ છતાં સમર્થન ચાલુ હોવાનું નિવેદન કરે છે. કેજરીવાલ સમજી ગયા છે કે આ રીતે સત્તામાં ટકી રહેવાનો કોઈ અર્થ નથી. એમણે તેથી જ રઘવાયા થઈને ચાર જણની ફરિયાદના આધારે દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, એમની અને કોંગ્રેસની કેન્દ્ર સરકાર વચ્ચેની કડી ગણાતા મુંબઈથી ચૂંટાયેલા મુરલી દેવડા, કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી વીરપ્પા મોઈલી તથા સિબ્બલ ઉપર કેસ મૂકવાનો દિલ્હી ઍન્ટિ કરપ્શન બ્યૂરોને આદેશ આપ્યો છે. ભાજપની નેતાગીરીને પણ કેજરીવાલ રિલાયંસ સાથે ગૅસના ભાવવધારાની સરકાર સાથેની સાંઠગાંઠમાં સામેલ ગણે છે. રિલાયંસને સસ્તા ભાવે તેલના કૂવા પધરાવી દેવાની પણ ફરિયાદ છે. આ મુદ્દે તાબતોડબ મોટાં માથાં સામે ઍફઆઈઆર દાખલ કરાવી કેજરીવાલ આમજનતામાં હીરો બની જશે, એ નક્કી છે. પરંતુ હકીકતમાં આ એમનો એક પબ્લિસિટી સ્ટંટ જ છે. કરોડોનું આધણ કરીને કોંગ્રેસ અને ભાજપ જે પ્રસિદ્ધિ નથી પામી શકયા તે કેજરીવાલે એક ગતકડું કાઢીને મેળવી લીધી છે. ભાજપના નેતાઓ એમની આ ઘેલછાને 'હિટ ઍન્ડ રન'- મારો અને નાસી જાવ-વાળી કૂટનીતિ ગણાવી રહ્યા છે. જો ખરેખર પુરાવા હોય તો કેજરીવાલે ઉપરોક્ત મહાનુભાવો વિરુદ્ધ અદાલતમાં જ કેસ કરવો જોઈએ, એવા ભાજપના નેતા વિજયકુમાર મલહોત્રાના નિવેદન સાથે સૂર પુરાવવાનું મન થાય.

## હરિયાણા ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ ક્રાફટ મેળામાં વેણુ ભારતીના કલાકારો છવાયા





ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં હરિયાણાના સુરજકુંડ ખાતે ૨૮મા સુરજકુંડ ઈન્ટરનેશનલ ક્રાફટ મેળો-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવાના સ્પોન્સરશીપ હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેરની વેણુ ભારતી સંસ્થાના કલાકારોએ ભાગ લઈ ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. હાલમાં ગોવાના સ્પોન્સરશીપ હેઠળ હરિયાણાના સુરજકુંડ ખાતે ૨૮મા ઈન્ટરનેશનલ ક્રાફટ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીલંકા કો-પાર્ટનર તરીકે સહયોગી રહ્યું હતું. ઉપરાંત આ મેળામાં અફઘાનિસ્તાન, ઈરાન, થાઈલેન્ડ, પાકિસ્તાન, યુગાન્ડા, કઝાકીસ્તાન, રશિયા દેશના કલાકારોએ ભાગ લીધો હતો. સંસ્થાએ ભારત સરકાર અને હરિયાણા ટુરિઝમના સહયોગથી ભાગ લીધો હતો.

ગુજરાત રાજયની અને ગાંધીનગરની એક માત્ર વેણુ ભારતી સંસ્થાની પસંદગી મેળામાં કરવામાં આવી હતી. જેમાં ગઈ તા. ૧ થી ૭ ફેબ્રુઆરી દરમિયાન સંસ્થાના કલાકારોએ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા અને દુનિયાના સૌથી લાંબા લોકનૃત્ય એવા રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

રોજના હજારો દર્શકો મેળામાં આવતા હતા અને તમામ કલાકારો દ્વારા દર્શાવવામાં આવતા લોકનૃત્યોની પ્રસંશા કરતા હતાં જેમાં વાદ્યવૃંદમાં વાંસળીના સૂર ચંદ્રકાન્તભાઈ પરમારે રેલાવ્યા હતા. હિમાંશુ ભચેચ અને કિરણ દંતાણીએ ઢોલના ઢબુકે શ્રોતાઓને ડોલાવ્યા હતા અને બિન્ની દવે, અરુણા પરમાર, ધ્વનિ જાનિ, દર્શના રાઠોડ, રિધ્ધિ વ્યાસ, રેખા ડામોર, આમશ ચૌધરી, વિરસિંહ રાઠોડ, ઈલેશ પરમાર, મહેશ સોલંકી, દિવ્યેશ સોલંકી, મનોજ સોલંકીએ રાસની રમઝટ બોલાવી હતી.

રાસ ગરબાની કોરિઓગ્રાફી બિન્ની દવે દ્વારા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે તમામ કલાકારો તા. તા. ૧૪ થી ૧૬ દરમિયાન કર્ણાટકના બિજાપુર ખાતે યોજાનાર મહોત્સવમાં ભાગ લેશે જેમાં દેશમાં અને દુનિયામાં ગુજરાતની ઓળખ સમા ગરબાનું લોકનૃત્ય રજુ કરશે.

## હરિની દૃષ્ટિ...




કારનો ભરોશો ન રાખીશ, પેટ્રોલ તો ગમે ત્યારે ખલાસ થઇ જશે, છેલ્લે તો ઘોડા જ કામ લાગશે.

## શિક્ષણમાં ભારતીય ચિંતન વિષય પર રાજયસ્તરીય સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

બાળકની અનન્યતા અને આનંદશીલતાનું સંરક્ષણ, સંવર્ધન અને પ્રગટીકરણ કરવાના ધ્યેય સાથે બાળ વિકાસ કરવાના ઉદ્દેશથી ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા શિક્ષણમાં ભારતીય ચિંતન વિષય પર રાજયસ્તરીય સંમેલન યોજાશે.

શિક્ષણમાં આમૂલ પરિવર્તન કરવાના ઉદ્દેશથી શિક્ષણ પર વિસ્તૃત ચર્ચા થાય તે હેતુથી તા. ૧૪, ૧૫ ફેબ્રુઆરીના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સભાગૃહ ખાતે રાજયસ્તરીય સંમેલન યોજવામાં આવશે.

સંમેલનમાં રાષ્ટ્રીય વક્તા દિનાનાથજી બત્રા ભારતીય શિક્ષણના ઉદ્દેશો અને આધારશિલા, સ્વામી નિખિલેશ્વરાનંદજી ભારતીય શિક્ષણ સામેના પડકારો અને વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા અને સ્વામી પવિત્રાનંદજી ભારતીય શિક્ષણનું ભાવિ સ્વરૂપ વિષય પર પોતાનું વક્તવ્ય આપશે.

સંમેલનમાં રાજયભરમાંથી ૧૫૦ જેટલા શિક્ષણ ચિંતકો ભાગ લેશે. તેઓ શિક્ષણનો અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિ, શિક્ષણની વ્યવસ્થા, શિક્ષણનું માધ્યમ જેવા વિષયો પર સમૂહમાં ચર્ચા કરવામાં આવશે. કાર્યક્રમમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના ડૉ. મનોજભાઈ સોની, આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ, અતુલભાઈ કોઠારી, ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા બેઠકોનું સંચાલન કરશે.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજશે

ગાંધીનગર, તા.૧૧

દેશના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં દર વર્ષે તા. ૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. જેના અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન વિજ્ઞાનલક્ષી વિષય ફોસ્ટેરીંગ સાયન્ટીફીક ટેમ્પર પર કાર્યક્રમો યોજવામાં આવશે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ દ્વારા સમગ્ર ફેબ્રુઆરી માસ દરમિયાન વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં પોપ્યુલર લેકચર, ડીબેટ કોમ્પીટીશન, નિબંધ લેખન, વર્કશોપ અને ડેમોસ્ટ્રેશન યોજવામાં આવશે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે આજ રોજ બુધવારે સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે એકવીસમી સદીની વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે. તેમજ તા. ૧૩ ફેબ્રુઆરી ગુરુવાર સવારે ૯-૦૦ કલાકે સરસ્વતી શિશુ મંદિર સે-૧૭ ખાતે ડીબેટ કોમ્પીટીશન યોજવામાં આવશે.

સ્પર્ધામાં શહેરની જુદી જુદી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ પોતાના વિચારો રજૂ કરશે. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને અનુક્રમે ૪૦૦, ૩૦૦ અને રૂ. ૨૦૦ ઈનામ સ્વરૂપે આપવામાં આવશે. સ્પર્ધાની વધુ વિગત માટે કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા ૯૪૨૬૪૫૧૧૦૨ પર સંપર્ક કરવો.

## આવતીકાલે હીરામણિ કેમ્પસમાં વહેમનો વાયરસ નાટક યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ખાતા દ્વારા સહાયિત તેમજ હિરામણિ સ્કૂલ, વૃધ્ધાશ્રમ અને હોસ્ટેલ આયોજિત હાસ્ય-વ્યંગ સભર દ્વિઅંકી નાટક વહેમનો વાયરસ તા. ૧૩મી ફેબ્રુઆરીએ એસ.જી.હાઈવે પર આવેલ હિરામણી કેમ્પસની સેન્ટ્રલ ઓફિસના હોલમાં યોજાશે, આ નાટક સાંજે ૪.૩૦ કલાકથી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે. વહેમનો વાયરસ નાટકનું નિર્માણ નમન મીડિયા કન્સલટન્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ નાટકના લેખક વિનોદ શાહ અને દિગ્દર્શક મોરલી પટેલ છે. નાટકમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

## પાટીદાર સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખિલી ઉઠી છે ત્યારે દરેક સમાજ દ્વારા સમૂહલગ્નો પણ શહેરમાં યોજવા લાગ્યા છે. શ્રી ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ કુડાસણ દ્વારા ૨૨મો સમૂહ લગ્નોત્સવ રાયસણ ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ વાડીલાલ પટેલ વિદ્યાસંકુલ રાયસણ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૭ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માડ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર(ઉ) ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સમાજમાં દિકરા-દિકરી વચ્ચેનો ભેદભાવ રાખવો જોઈએ નહિ અને સ્ત્રીભ્રુણ હત્યાથી દૂર રહેવું જોઈએ. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં દ્વિઅંકી નાટક 'રમત' રજૂ થશે

ગુજરાત રાજયના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સે. ૧૨ના આંબેડકર હોલ ખાતે તા. ૧૮મી જાન્યુઆરીએ સાંજે ૭ વાગે દ્વિઅંકી નાટક 'રમત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટકનું નિર્માણ અમદાવાદના બી.ટી. કોમ્યુનીકેશન દ્વારા કરાયું છે. તેમજ લેખન સુભાષ શાહે અને દિગ્દર્શન ભરત ઠક્કરે કર્યું છે. આ નાટકમાં શિવાની ભટ્ટ, જય મહેતા અને શૌનક વ્યાસ તેમના અભિનયના અજવાળા પાથરશે.

## સ્વરક્ષણ તાલીમ આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

સેક્ટર-૭ની ચૌધરી મહિલા કોલેજ ખાતે વિરાંગના દળ ટ્રસ્ટ દ્વારા કોલેજની વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણ અંગેની તાલીમ શિબિર યોજવામાં આવી હતી. શહેરમાં દિવસે-દિવસે મહિલાઓ ઉપર હુમલાઓની ઘટનાઓ ખુબજ વધી રહી છે. ત્યારે શહેર સ્થિત મહિલા ચૌધરી કોલેજ ખાતે વિરાંગના દળ ટ્રસ્ટ દ્વારા કોલેજની ૨૫૦ વિદ્યાર્થિનીઓને સ્વ-રક્ષણ તાલીમ શિબિર યોજવામાં આવી હતી.

શિબિર છ દિવસ સુધી ચાલી હતી. જેમાં વિદ્યાર્થિનીઓને ઉપયોગી બને તેવી પંચ, બ્લોક, કીક, સહિતની તાલીમ આપવામાં આવી હતી. શિબિરમાં વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ ખુશી વ્યક્ત કરી હતી.

## અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટનો વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટની બેઠક તા. ૯મી ફેબ્રુઆરીએ યોજાઈ હતી. આ બેઠકમાં તા. ૧લી માર્ચે પરિવાર ટ્રસ્ટનો સ્નેહમિલન સમારંભ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ પણ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ માટે ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા સંતાનોની માર્ચ-એપ્રિલ-૨૦૧૩માં લેવાયેલી વાર્ષિક પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓની માર્કશીટની ઝેરોક્ષ નકલ સંસ્થાના જે તે સેકટરના પ્રતિનિધિઓને તા. ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં પહોંચાડવાની રહેશે. માર્કશીટની પાછળ વાલીનું નામ, સરનામુ અને ફોન નંબર અવશ્ય લખવાનો રહેશે. સેકટરના પ્રતિનિધિ ઉપરાંત સંસ્થાના બીજા પ્રતિનિધિઓ ઉમેશભાઈ વ્યાસ, ગોવિંદભાઈ દૂધાત અને પ્રફુલભાઈ ત્રિવેદીને પણ પહોંચાડી શકાશે.



શહેરની સે-૨૩ સ્થિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ અમદાવાદ ખાતે યોજાયેલ ગ્રામ હાટ પ્રદર્શનમાં સેન્ટરના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ગ્રામ હાર્ટ ખાતે પ્રદર્શનમાં મુકવામાં આવેલી પ્રાણીઓ, વનસ્પતિઓ, આર્યુવેદિક ઔષધિઓ, ઓર્ગેનિક ખાતર વિશેની વિસ્તૃત માહિતી મેળવી હતી. જેમાં સંસ્થાના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને માજીરાણા જોડાયા હતાં.

## વિનયન (આર્ટ્સ) વિદ્યાશાખા શિવ અને સુંદરને આકારે છે...

**વિચારોનાં મધુવનમાં**

પ્રા. ડૉ. રાકેશ પટેલ

વિજ્ઞાન કોઈ વ્યક્તિને પર્વતની ટોચ ઉપર લઈ જવાની ક્ષમતા ભલે રાખતું હોય પણ ટોચ ઉપર જઈ નૃત્ય કરવું, ધ્યાન કરવું, પ્રકૃતિનો આનંદ લૂંટવો, બૂમો પાડવી કે કૂદકો મારવો તેનો જવાબ કે સમજ આપવા માટે વિજ્ઞાન લાચાર છે. વિજ્ઞાનની અધૂરી સમજ માણસને ઉન્નત-ભ્રૂ ભલે બનાવતી, પણ તેની પોતાની ક્ષમતાઓ તો સાહિત્ય સ્પર્શ વિના કેળવવી શકય નથી.

વિનયન (આર્ટ્સ) એટલે 'વિશિષ્ટ દૃષ્ટિ' શબ્દકોશના અર્થ પ્રમાણે વિનયન એટલે શિક્ષિત હોવું, શિસ્ત, વિજ્ઞાન, વાણિજ્ય વગેરે ગાણિતિક વિષયો સિવાયના સાહિત્ય, ઈતિહાસ, રાજકારણ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે બુદ્ધિ ગમ્ય વિષયોને લગતી તે વિદ્યા (બૃહદ ગુજરાતી કોશ, ગ્રંથ નિર્માણ બોર્ડ- સંપાદક કે.કા. શાસ્ત્રી)

વ્યાપક અર્થમાં વિનયન એટલે ભાષા અને સાહિત્યની મદદથી સમગ્ર જીવનને સુખરૂપ આગળ ધપાવનાર એક વિશિષ્ટ જીવન દૃષ્ટિ. માનવ જીવનને જાણવું અને માણવું એ વિનયનમાં કેન્દ્ર સ્થાને છે. વિનયન જીવનના કેટલા હિસ્સાને સ્પર્શે છે? જવાબ સરળ નથી છતાં અનુમાન કરીએ તો ૩૫ ટકા થી ૯૯ ટકા સુધી ગણી શકાય.

બિમાર વ્યક્તિને સાજા કરવાની શક્તિ વિજ્ઞાન પાસે જરૂર છે, પણ સાજા થયા પછી જીવનની યાત્રા કેવી રીતે કરવી તેની સમજ લેવા વિનયનની પડીકી જ કામ લાગશે! શિક્ષકે વર્ગમાં પ્રશ્ન કર્યો : 'શ્રેષ્ઠ જળબિંદુ કયું છે?' વર્ગમાંથી જુદા જુદા જવાબ મળ્યાં. જેમ કે ગંગાજળ, વર્ષાનું જળ, પુષ્પ ઉપરનું ઝાકળ બિંદુ, દિકરીની વિદાય વખતે માની આંખમાંથી સરતું આંસુ વગેરે.. પરંતુ એક જવાબને જ શિક્ષકે માન્ય રાખ્યો અને તે જવાબ મજૂરના દિકરાએ આપ્યો: સાહેબ! મહેનત કરતાં મજૂરના પરસેવાનું એક એક બુંદ શ્રેષ્ઠ છે. શિક્ષક એ વિદ્યાર્થીનો જવાબ સાંભળી ભાવ વિભોર થયા અને કહ્યું, જુઓ બાળકો આ વિદ્યાર્થીનો જવાબ જ સૌથી વધુ શ્રેષ્ઠ છે કારણ કે બીજા જવાબોમાં સૌંદર્ય છે, કરુણા છે, પવિત્રતા છે, જરૂરીયાત છે. પરંતુ આ, વિદ્યાર્થીના જવાબમાં માનવજાતિનો વિકાસ સમાયેલો છે. જીવનનું સત્ય સમાયેલું છે. જયાં સુધી માનવતાને આગળ ધપાવવાની વાત ત્યાં સુધી તે મજૂરના પરસેવાનું પ્રત્યેક બિંદુ બીજા બધા જળ બિંદુઓ કરતાં અનેકગણું કિંમતી છે. ઉપરના પ્રસંગ ઉપરથી થોડું આગળ વિચારીએ તો આ જ પ્રશ્નનો જવાબ વિજ્ઞાનની લેબોરેટરીમાં ટેસ્ટ કર્યા પછી શું આવે? કદાચ રીપોર્ટ નેગેટીવ આવે. આ રીતે વિનયન એ સંવેદનાઓ, વિચારણાઓ અને જીવંત અનુભવોમાંથી પ્રગટતું એક વિશેષ જ્ઞાન છે. જીવનની નજીક, જીવનની સાથે અને જીવનને સાથ આપતું જ્ઞાન વિનયન સિવાય કયાંથી મળે?

'વિનયન' ઈશ્વરની કલા એવા જગતને જીજ્ઞાસાથી જોવા ઉપરાંત, માનવી અને સાહિત્યના નવ રસને આરાધે છે. મૂલ્યોનું સ્થાપન, સંરક્ષણ અને સ્થળાંતર આર્ટ્સ થકી જ શકય બને છે. માટે કહેવાયું છે કે **All great art is the expresion of man's great delight in god's work and not his own.** વિજ્ઞાનને અને વિયનને સાંકળતું એક જ વાકય જો વહેતું કરવું હોય તો કહેવાય કે 'વિજ્ઞાન નિયમોથી ચાલતી કલા છે, વિનયન સંવેદનાઓના સૂક્ષ્મ નિયમોથી ચાલતું વિજ્ઞાન છે.' વિનયન જીવનને કાળજીપૂર્વક જીવવાનું શીખવે છે. ગુણવંત શાહની ભાષામાં 'માણસ ઈલેકટ્રીસીટી ન વેડફાય તેની કાળજી રાખે છે, એ પેટ્રોલ ન વેડફાય તેની કાળજી રાખે છે, જીવન ન વેડફાય તેની કાળજી રાખે તેને જ ખરા અર્થમાં માણસ કહી શકાય.'

| (Science) *વિજ્ઞાનને પાસે છે...* | (Arts) *વિનયન પાસે છે....* |
|---|---|
| (૧) પ્રતિનિધ- બુદ્ધિ | (૧) પ્રતિનિધિ- હૃદય |
| (૨) શોધથી વિકાસ | (૨) સર્જનથી સાર્થકતા |
| (૩) અંતિમ માપદંડ-સુખ | (૩) અંતિમ માપદંડ આનંદ |
| (૪) સાધન પ્રકૃતિ છે. | (૪) સાધ્ય પ્રકૃતિ છે. |
| (૫) સિદ્ધિના ગુણગાન | (૫) શાણપણના ગુણગાન |
| (૬) પદાર્થનું વિભાગીકરણ કરી શોધ કરે છે. | (૬) જગતને જોડીને માનવતાને શોધે છે. |
| (૭) યંત્રશક્તિ પર મુખ્ય આધાર | (૭) શબ્દશક્તિ પર આધાર |
| (૮) પ્રયોગલક્ષી | (૮) યોગલક્ષી |
| (૯) 'પર'લક્ષી પરોપકાર | (૯) 'સ્વ'લક્ષી પરોપરકાર |
| (૧૦) આકરી તપશ્ચર્યા પછી નવીન શોધ | (૧૦) સહજના કિનારે નિજાનંદ માટે તપશ્ચર્યા |
| (૧૧) કેલરી | (૧૧) મીઠાશ |
| (૧૨) વિજ્ઞાન મનુષ્યની મર્યાદિત શક્તિને જ સ્પર્શે છે. | (૧૨) અર્થઘટનની શક્તિને લીધે છે સર્વજ્ઞાનના પ્રાણરૂપ |
| (૧૩) મિનરલ વોટર | (૧૩) ઝરણાની મીઠાસ |

બાળકના ગાલે બચી ભરવી એમાં વિજ્ઞાનનો કયો સિદ્ધાંત કામ કરે છે. જીવન તરફ ઉર્ધ્વગામી રીતે જોવાનું વિનયન શીખવે છે. બીજા શાસ્ત્રો ફાયદાવાદી કે વાયદાવાદી હોઈ શકે પણ વિનયન બિલકુલ નહીં. ફૂલને જોયા પછી કોઈ મહાશય કહેશે : 'અરે યાર આ તો ખૂબ આકર્ષક ફૂલ છે તેને હું જ લઈ લઈશ, મારા ખિસ્સામાં જ તે તો શોભશે.' બીજા મહાશય જરા કવિ હૃદયના છે તે કહે છે : અરે જો તો ખરો, આ ફૂલની પાંદડીઓમાં કેટલો અદ્‌ભુત રંગ છે, તેની મુલાયમતા અને નજાકતતાને જો, અરે કાંટા વચ્ચે પણ આવું સુંદર ફૂલ કેવું મલકાય છે.? અને ત્રીજા મહાશય જરા ચિંતનશીલ ભાષામાં કહે છે : જુઓ મિત્રો, ફૂલ રાત્રે તો કળી સ્વરૂપે હતું, સવારે ફૂલ બને છે પણ રાત્રી દરમ્યાન કોનો મુલાયમ સ્પર્શ ફૂલને ગરિમા આપે છે. જો ફૂલ આટલું મોહક છે તો તેને સર્જનાર સર્જક કેટલો અદભુત અને મોહક હશે.

હજી સુધી આજેનો 'વિજ્ઞાન યુગ' છેલ્લા માણસ સુધી રોટી પહોંચાડવામાં ટૂંકો પડે છે કારણ કે વિનયનની સંવેદન દૃષ્ટિ તેની પાસે પૂર્ણ રીતે પહોંચી નથી, જે દિવસે માણસમાં આ વિશેષ દૃષ્ટિ (તાદાત્મ્યની-પોતપણાની દૃષ્ટિ) આવશે તે દિવસે માણસ પોતાનું સુખ પણ બીજાને આપતાં ખચકાટ નહીં અનુભવે. વિજ્ઞાનની ટેકનોલોજી અનાજના ભંડોરી ભરી આપે છે, વાણિજય તેને વહેંચવાની વ્યવસ્થા કરી આપે છે પણ, વિનયનની દૃષ્ટિની કમીના કારણે જરૂરીયાતવાળા સુધી તે અનાજના કોથળા પહોંચે તે પહેલાં જ સડી જાય છે, કાં તો વગે થઈ જાય છે. એના મૂળમાં નજર કરીએ તો માનવીની બુઠ્ઠી થઈ ગયેલી સંવેદનશીલતા છે અને બીજું તત્વ ટેકનોલોજીમાંથી પ્રગટેલ હરીફાઈવૃત્તિ અને ઓછા સમયમાં વધુ મેળવવાની દ્વેષયુક્ત ચાહના કામ કરી જાય છે.

વિજ્ઞાન દ્વારા મળતું સુખ સગવડ અને બધા જ પ્રકારના લાભ આર્થિક રીતે સધ્ધર લોકો લઈ જાય છે અને તેમાંથી સગવડ અને દેખાડાપણું જન્મે છે. પરંતુ ખરેખર તેમાંથી સહકાર અને કાર્યવેગ જન્મવો જોઈએ. જો વિનયન દૃષ્ટિ આવે તો સમાનતા-સહજતા અને સરળતા આવે, સમાજના અંતિમ માણસને ટેકોલોજીનો લાભ મળે તેવું વાતાવરણ ઊભું થાય. આજે વિજ્ઞાનનો સમૃદ્ધ રાષ્ટ્રો દ્વારા માત્ર વ્યાપારી ઉદેશથી ઉપયોગ થાય છે. ટેકનોલોજીને વેચી વેચીને તે દેશો વધુ સમૃદ્ધ થાય છે, આ ટેકનોલોજીનો ગરીબ દેશોની સમસ્યાઓ સાથે ખૂબ ઓછો સંબંધ હોય છે.

રાજકારણ, સમાજકારણ, માનસશાસ્ત્ર, ઈતિહાસ અને શિક્ષણશાસ્ત્ર આ બધા જ વિષયો વિનયન સાથે સંલગ્ન છે. એક વટવૃક્ષની આ બધી મજબૂત શાખાઓ છે પરંતુ તકલીફ એ છે કે આ વટવૃક્ષ સતત આપણને છાંયો અને ફળફૂલ આપતું રહે છે છતાં અતિપરિચયના કારણે તેનું મહત્વ આપણા મનમાં ઘટી જવા પામ્યું છે. ઘરમાં જેમ ઘણીવાર એક વડીલની અવજ્ઞા થાય તે રીતે જ! આપણી આસપાસ જ તેનું સામ્રાજય એટલું નજીક વિસ્તરેલું છે કે તેને જોવાનો, સમજવાનો અવકાશ જ આપણી પાસે હોતો નથી.

| *વિનયન સંલગ્ન વિષયો* | *ઉપયોગીતા* |
|---|---|
| (૧) શિક્ષણ | (૧) કુશળ માનવ નિર્માણ |
| (૨) સમાજશાસ્ત્ર | (૨) સમાજનું શુભ ચિંતક |
| (૩) માનસશાસ્ત્ર | (૩) માનવના મસ્તિષ્કને પારખી તેનું નિદાન કરે છે. |
| (૪) ઈતિહાસ | (૪) ભવ્ય ભૂતકાળનું જ્ઞાન |
| (૫) ભાષાજ્ઞાન | (૫) માણસને શસ્ત્રવગર જીતાડનારી જડીબુટ્ટી |
| (૬) સાહિત્ય | (૬) જીવનને રાહ ચિંધે છે. |
| (૭) કલા | (૭) જીવનમાં સૌંદર્ય દ્રષ્ટિ લાવી જીવન જીવવાલાયક બનાવે છે. |

ફિલ્મોદ્યોગ આર્ટસ, સાયન્સ અને કોમર્સનો ત્રિવેણી સંગમ છે. તેમાં ગીતકાર, સંગીતકાર, કથા લેખક, દિગ્દર્શક આ બધા જ આર્ટસના પ્રતિનિધિ છે, ફિલ્મ બનાવવા માટે ટેકનોલોજી જેમાં કેમેરા, એનીમેશન અને તેની સાથે જોડાયેલી અનેક નાની મોટી બાબતો, સાયન્સની શોધ છે અને છેલ્લે કોમર્સ થકી જ આર્થિક આયોજનનો પ્રશ્ન, નિર્માતાનું ફિલ્મ વિતરણનું કાર્ય, કલાકારોના મહેનતાણાં અને તેને આનુસંગીક બધી જ બાબતો શકય બને છે.

વિજ્ઞાન જડ બાબતોને, દૃશ્યમાન પદાર્થોને અને પ્રયોગશાળામાં પ્રયોગ યોગ્ય બાબતો જ સ્વીકારી શકે છે. જીવનરૂપી યાત્રામાં જીવનદાયી તત્વો

(અનુસંધાન પાન નં.૬ પર)